**ક્રિમી.કેસ.નં.૭૮૭૮/૨૦૦૨**

**:::આંક–૧ નીચે હુકમ:::**

આજરોજ નેશનલ લોક અદાલતમાં સદર કામ વિ.એ.પી.પી.શ્રી દવારા કામ હાથ પર લઈ સદર કેસ કલમ–૩૨૧ અન્વયે પરતખેંચવા પરવાનગી માંગતા, સદર રજુઆતો મંજુર રાખી સદર કામ ધ્યાને લેતા સદર કામના આરોપી લાંબા સમયથી હાજર રહેતા ન હોય જામીનદારને પણ નોટીસ કરાયાનું રેકર્ડ આધારીત ફલીત થતુ હોય અને સદર કામ લાંબા સમયથી ચાલી આવતુ હોય, સરકારશ્રી દવારા સદરહું કેસ અંતિમ વિચારણાને અંતે પરત ખેંચી લેવા નકકી કરાયેલ હોય ત્યારે વિ.એ.પી.પી.શ્રી દવારા રજુ થયેલ વિડ્રો પુરસીસ વંચાણે લઈ સદર કેસ પરત ખેંચવાની પરવાનગી આધારીત તેમજ, એ.પી.પી.શ્રીની મૌખીક રજુઆતોને ધ્યાને લઈ રજુ વિથડ્રો પુરસીસ મુજબ આ કામે સરકારશ્રી તર્ફે એવી રજુઆત છે કે તેઓ હાલનો આ ફોજદારી કેસ પરત ખેંચે છે.

જેથી, આ કામે ફરીયાદી તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત તથા કેસની હકીકત તથા ફોજદારી કાર્યરીતી અધિનીયમની જોગવાઈઓ તથા આજરોજ રહેલ નેશનલ લોક–અદાલતનો હેતુ ધ્યાને લઈ સદર કેસ વિ.એ.પી.પી. તેમને મળેલ સુચનાઓ આધારીત પાછો ખેંચતા હોય સદર કેસ વિડ્રો પુરસીસના આધારે વિડ્રોથી ફેસલ કરવાનો તથા આરોપી વિરુધ્ધ ઈસ્યુ કરાયેલ બીનજામીનપાત્ર વોરન્ટ પરત મંગાવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ, અત્રેના કામમાં મુદ્દામાલની કોઈ માંગણી કરાયેલ ન હોય, કનસર્ન પો.સ્ટે. ધ્વારા મુદ્દામાલ આર્ટીકલ્સની ધારા–ધોરણ મુજબ કાર્યવાહી કરી, સરકારશ્રીમાં રોકડ રકમ જમા કરાવી અત્રેના કામમાં રોકડ રકમ જમા કરાવ્યાની રસીદ રજુ રાખવી.

**તા.૦૯/૦૯/૨૦૨૩**
**રાજકોટ**
**નેશનલ લોક–અદાલત**

**નેહા દિનેશભાઈ જોષીપુરા**
**૦૬ઠ્ઠા એડી. સીવીલ જજ અને**
**જ્યુ.મેજી.ફ.ક. રાજકોટ.**